# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફિક/૪૯૦ /૨૦૧૫

## તા. ૨૮ /૧૨/૨૦૧૫

હું, વિકાસ સહાય IPS, ઇ/ચા. પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ** :-

અમદાવાદ શહેરમાં તા.૩૧/૧૨/૨૦૧૫ અને તા.૧/૧/૨૦૧૬ વચ્ચેની રાત્રી દરમ્યાન નવા વર્ષની ઉજવણી નિમીતે મોટી જન મેદની ભેગી થતી હોય છે. જેના નિયમન સારૂ તા.૩૧/૧૨/૨૦૧૫ ના કલાક ૧૮/૦૦ થી તા.૧/૧/૨૦૧૬ ના કલાક ૩/૦૦ સુધી નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(1) સી.જી.રોડના સ્ટેડીયમ સર્કલ થી પંચવટી સુધી ૩૧/૧૨/૨૦૧૫ ના સાંજ કલાક ૧૮.૦૦ થી ખાસ પ્રકારના કારણો સિવાય તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ રાખવામાં આવશે.

(2) સમથેશ્વર મહાદેવથી બોડીલાઇન ચાર રસ્તા, ગુલબાઇ ટેકરાથી બોડીલાઇન ચાર રસ્તા થઇ સમથેશ્વર મહાદેવ તરફ આમને સામને બંને બાજુ રોડ ચાલુ રાખીને સી.જી.રોડ ક્રોસ કરી શકશે. પરંતુ સી.જી.રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી અને કલાક ૨૦/૦૦ થી તમામ વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે.

(3) મીઠાખળી સર્કલથી ગીરીશ કોલ્ડ્રીક્સ સર્કલ થઇ સેન્ટ ઝેવિયર્સ રોડ તથા નવરંગપુરા બસ સ્ટેન્ડ થી સ્વસ્તીક ચાર રસ્તા થઇ કોમર્સ છ રસ્તા આમને સામને બન્ને બાજુ રોડ ચાલુ રાખીને સી.જી.રોડ ક્રોસ કરવાનો રહેશે. પરંતુ સી.જી.રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી અને કલાક ૨૦/૦૦ થી સદંતર વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે.

(4) હેવમોર સર્કલથી સ્ટેડીયમ થઇ સરદાર પટેલ બાવલા તેમજ કોમર્સ છ રસ્તાથી વિપુલ દુધીયાવાલી ગલી થઇ સ્ટેડીયમ સર્કલ થઇ હેવમોર તરફ આમને સામને વાહન ચાલક રોડ ક્રોસ કરી શકશે. પરંતુ સી.જી. રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી.

(5) સી.જી.રોડ ઉપર આવેલ કાયદેસરની બંને બાજુ જે પાર્કિંગ વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તે પાર્કિંગ વ્યવસ્થા કલાક ૧૮/૦૦ થી બંધ રહેશે.

(6) એસ.જી.હાઇવે એટલે કે સરખેજ ગાંધીનગર હાઇવે ઉપર તમામ પ્રકારના અને મધ્યમ પ્રકારના વાહનો અને ભારે વાહનની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ દરમ્યાન વાહન ચાલકોએ પ્રતિબંધી વિસ્તાર સિવાયના પેરેરલ (સમાંતર) રોડનો ઉપયોગ કરવાનો રહશે.

નોંધ : ઉપરોક્ત પ્રતિબંધ દરમ્યાન (તા.૩૧/૧૨/૨૦૧૫ ના રાત્રીના કલાક ૨૦.૦૦ થી તા.૧/૧/૨૦૧૬ ના કલાક ૦૩.૦૦ સુધી) વાહન ચાલકોએ પ્રતિબંધીત વિસ્તાર સિવાયના પેરેરલ (સમાંતર રોડ) નો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામામાંથી તમામ પ્રકારના સરકારી વાહનો ફાયર બ્રિગેડના વાહનો તેમજ એમ્બ્યુલન્સનાં વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ તા.૩૧/૧૨/૨૦૧૫ રાત્રીના કલાક ૨૧/૦૦ થી તા.૧/૧/૨૦૧૬ ના કલાક ૩/૦૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૨૮/૧૨/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૨૮/૧૨/૨૦૧૫
અમદાવાદ.

(વિકાસ સહાય)
ઇ/ચા.પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
 ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર. (૫ નકલ)
 રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
 રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
 ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
 ૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
 ૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
 ૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
 ૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.